રાજય ચૂંટણી આયોગ,
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૮–૨–૨૦૨૧

–: અખબારી યાદી :–

## સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી –૨૦૨૧

### મતદાન/પુનઃમતદાનના બીજા દિવસને મતદાન કર્મચારીઓને ચૂંટણી ફરજ પરનો સમયગાળો ગણવા અંગે

રાજયની ૬ મહાનગરપાલિકા, ૮૧ નગરપાલિકા, ૩૧ જિલ્લા પંચાયતો, ૨૩૧ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તથા જૂનાગઢ મહાનગરપાલિકાની ૨ બેઠકોની પેટા ચૂંટણી તથા અન્ય સ્થાનિક સ્વરાજયના સંસ્થાઓની ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી યોજવા અંગે આયોગના તા.૨૩–૧–૨૧ના રોજ કાર્યક્રમ જાહેર કરેલ છે.

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીઓમાં સામાન્ય રીતે મતદાનના દિવસે ચૂંટણી ફરજ પરના કર્મચારીઓ મતદાન પૂરું થયા બાદ રીસિવિંગ સેન્ટર ઉપર મોડી રાત્રે અથવા તો જો અંતર વધુ હોય તો બીજા દિવસે વહેલી પરોઢે મતદાન સામગ્રી પરત સોપવા માટે પહોચતા હોય છે. સાંપ્રત કોવિડ–૧૯ મહામારીની પરિસ્થિતિમાં કેટલાક કિસ્સામાં મતદાન ટુકડીઓને તબકકાવાર રીસિવિંગ સેન્ટર પર પહોંચતાં વિલંબ થવા પણ સંભવ છે. આથી ચૂંટણી સ્ટાફના તેઓના ફરજ પરના પ્રમાણમાં લાંબા સમયગાળાને અને તેઓએ મતદાનના બીજા દિવસે તેમની કચેરીમાં હાજરી આપવામાં મુશ્કેલી રહે તે બાબત ધ્યાને લઈ મતદાનના બીજા દિવસે ચૂંટણી ફરજ પરના કર્મચારીઓ જો તેઓની મૂળ કચેરીએ હાજર ન રહી શકે તો આ દિવસને ફરજ પરની હાજરી ગણવાની રહેશે અને તેઓએ તેમની મૂળ કચેરી ખાતે હાજર થવાનું રહેશે નહી તે મુજબ રાજય ચૂંટણી આયોગે નિર્ણય લીધેલ છે.

જયાં પુનઃ મતદાન યોજાય તેવા કિસ્સામાં પણ ઉપર્યુકત સૂચનાઓ લાગુ પડશે.આ સમયગાળા માટે કોઈ વધારાનું ભથ્થું આકારી શકાશે નહી.

**ક્રમાંકઃ રાચઆ–ચટણ–સ્થા.સ્વ.૧૩(૬)–૨૦૨૧–ક**

**(મહેશ જોશી)**
**સચિવ**
**રાજય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

**પ્રતિ,**

**૧. માહિતી કમિશનરશ્રી,**
**ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.**
આ અખબારી યાદી જુદા જુદા વર્તમાનપત્રોમાં વિના મૂલ્યે પ્રસિધ્ધ થાય તે જોવા વિનંતી સહ .

૨. રાજય ચૂંટણી આયોગના સર્વે અધિકારીઓ/સર્વે શાખાઓ